ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 01 ■ તારીખ : 05, એપ્રિલ, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂ. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### સહકારી ક્ષેત્રમાં છેતરપિંડી રોકવા માટે રાજ્યસભામાં વ્યાપક સુધારાઓની જાહેરાત

## MSCS અધિનિયમની કલમ 72 હેઠળ માત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જ ઓડિટર તરીકે પાત્ર: કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી: કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાજ્યસભામાં બહુ-રાજ્ય સહકારી સંસ્થાઓમાં પારદર્શિતા, જવાબદારી અને સુશાસન મજબૂત બનાવવા માટે વ્યાપક સુધારાઓની જાહેરાત કરી હતી.

તેમણે પોતાના લેખિત જવાબમાં જણાવ્યું કે, ઑગસ્ટ 2023માં અમલમાં આવેલા બહુરાજ્ય સહકારી સંસ્થાઓ (સંશોધન) અધિનિયમ અને નિયમો હેઠળ નાણાકીય અનિયમિતતાઓ રોકવા અને સહકારી સંસ્થાઓ, જેમાં સહકારી બેંકોનો પણ સમાવેશ થાય છે, તેના સંચાલનમાં સુધારો લાવવા માટે અનેક મહત્વપૂર્ણ માળખાગત પગલાં લેવામાં આવ્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, સહકારી ચૂંટણી પ્રાધિકરણની સ્થાપના દ્વારા સમયસર અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત થશે, જ્યારે સહકારી લોકપાલની વ્યવસ્થા સભ્યોની ફરિયાદોના અસરકારક નિવારણમાં મદદરૂપ બનશે. માહિતી અધિકારીઓની નિમણૂક તથા ટોચની સંસ્થાઓની ઓડિટ રિપોર્ટ સંસદમાં રજૂ કરવાની ફરજિયાત જોગવાઈઓ પારદર્શિતામાં વધારો કરશે. સુશાસન મજબૂત બનાવવા માટે નિર્દેશકો માટે કડક નિયમો, હિતસંઘર્ષ પર નિયંત્રણ, ફરજિયાત ઓડિટ અને આચાર સમિતિઓ તેમજ મુખ્ય કાર્યકારી અધિકારીઓ માટે નિર્ધારિત લાયકાત માપદંડો અમલમાં મુકાયા છે. ઉપરાંત, કેન્દ્ર સરકારને એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ તથા નાણાકીય શિસ્ત માટેના માપદંડ નક્કી કરવાની સત્તા આપવામાં આવી છે. જેથી સહકારી સંસ્થાઓમાં એકરૂપતા અને નાણાકીય શિસ્ત જળવાઈ રહેશે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ₹500 કરોડથી વધુ જમા અથવા ટર્નઓવર ધરાવતી બહુ-



રાજ્ય સહકારી સંસ્થાઓ માટે સમવર્તી (Concurrent) ઓડિટ ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેથી નાણાકીય અનિયમિતતાઓનો સમયસર ઓળખી શકાશે. આ ઉપરાંત, કડક અને વિશેષ ઓડિટ પ્રક્રિયાઓ માટે અલગ-અલગ ઓડિટર પેનલની રચના કરવામાં આવી છે. ઉપરાંત બહુરાજ્ય સહકારી સંસ્થાઓ અધિનિયમ, 2002ની કલમ 70 મુજબ દરેક સંસ્થાએ પોતાની વાર્ષિક સામાન્ય સભામાં કેન્દ્રીય રજિસ્ટ્રાર દ્વારા મંજૂર પેનલમાંથી ઓડિટરની નિમણૂક કરવી ફરજિયાત છે. નિયુક્ત ઓડિટરે નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ છ મહિનાની અંદર પોતાનો ઓડિટ રિપોર્ટ રજૂ કરવો પડશે. તેમજ કલમ 72 મુજબ, કોઈપણ સંસ્થામાં ઓડિટર તરીકે માત્ર લાયક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જ પાત્ર ગણાશે. તેમણે વધુમાં જણાવ્યું કે, શંકાસ્પદ છેતરપિંડી અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓના કેસોમાં તપાસ શરૂ કરવા તથા જરૂરી કાર્યવાહી કરવા માટે કેન્દ્રીય રજિસ્ટ્રારને સત્તા આપવામાં આવી છે, જેમાં ખોટી માહિતી આપીને નોંધણી કરાવનાર સંસ્થાઓને બંધ કરવાની કાર્યવાહી પણ સામેલ છે. 97મા સંવિધાન સુધારાની ભાવનાને અનુરૂપ, આ સુધારાઓ સહકારી ક્ષેત્રને વધુ પારદર્શક, જવાબદાર અને લોકશાહી પદ્ધતિથી સંચાલિત બનાવશે, જેથી સભ્યોના હિતોની વધુ સારી રીતે સુરક્ષા થઈ શકશે.

## CICOPA દ્વારા ઔદ્યોગિક અને સેવા સહકારી સંસ્થાઓ પર વ્યાપક વૈશ્વિક વિશ્લેષણ રીપોર્ટ

નવી દિલ્હી : ઔદ્યોગિક અને સેવા સહકારી ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ વિકાસ તરીકે, CICOPA એ 2017 પછી પ્રથમ વખત પોતાનો વ્યાપક વિશ્લેષણાત્મક અહેવાલ જાહેર કર્યો છે. વિશ્વભરના સભ્યો પાસેથી મેળવાયેલા ડેટાના આધારે તૈયાર થયેલા આ અહેવાલમાં સહકારી સંસ્થાઓના વ્યાપ, માળખા, રોજગાર અને સમાનતાને લગતા પાસાઓ પર વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો છે.




આ અહેવાલ CICOPAના નેટવર્કના પુનઃવ્યાપક અભ્યાસનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં 2022 અને 2023 દરમિયાન એકત્રિત કરાયેલા ડેટાનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ CICOPA નેટવર્ક આશરે 52,767 સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં 21 લાખથી વધુ કર્મચારીઓ કાર્યરત છે.

અહેવાલમાં દર્શાવાયું છે કે, 90 ટકા સહકારી સંસ્થાઓ નાના અને મધ્યમ ઉદ્યોગો તરીકે કાર્ય કરે છે, જે સ્થાનિક

અનુસંધાન પાના નંબર : 2

## સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર અભિયાનથી ગ્રામીણ બેન્કિંગ ક્ષેત્રમાં ક્રાંતિ: સહકાર મંત્રાલય

નવી દિલ્હી : ભારતનું સહકારી ક્ષેત્ર ગ્રામીણ વિસ્તારોમાં નાણાકીય સમાવેશના એક શક્તિશાળી સાધન તરીકે ઉભરી રહ્યું છે, જેમાં 'સહકારિતા મેં સહકાર' (સહકારમાં સહકાર) અભિયાન દેશભરમાં વેગ પકડી રહ્યું છે. વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર સે સમૃદ્ધિ' ના વિઝનને સાકાર કરવા શરૂ કરાયેલ, આ પહેલ સહકારી સંસ્થાઓ દ્વારા ગ્રામ્ય સ્તરે બેન્કિંગ અને ધિરાણની સુવિધાઓમાં મહત્વપૂર્ણ પરિવર્તન લાવી રહી છે.



સહકાર મંત્રાલય દ્વારા સંચાલિત આ અભિયાન પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (પીએસીએસ) અને અન્ય સહકારી સંસ્થાઓને માઈક્રો-એટીએમ જેવા ડિજિટલ બેન્કિંગ સાધનોથી સજ્જ કરીને અને RuPay કિસાન ક્રેડિટ કાર્ડ્સ (કેસીસી) દ્વારા સસ્તું ધિરાણની પહોંચને વિસ્તૃત કરીને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પહેલ નાણાકીય સેવાઓને સીધી ગામડાઓ સુધી પહોંચાડીને ગ્રામ્ય બેન્કિંગમાં રહેલી મહત્વપૂર્ણ ખામી દૂર કરી રહી છે. હવે ખેડૂતો, દૂધ ઉત્પાદકો, હસ્તકલા કલાકારો અને નાના

અનુસંધાન પાના નંબર : 2

### રાજ્ય કક્ષાનો ક્રેડિટ સોસાયટીઝ સહકારી સેમિનાર-2026

## સહકારથી સમૃદ્ધિ દ્વારા ક્રેડિટ સોસાયટીઓ પણ મજબૂત વિકાસ કરશે : શ્રી ઘનશ્યામભાઈ અમીન





અમદાવાદ : ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, અમદાવાદ દ્વારા Strengthening co-operavtive credit societies so as to make themselves sustainble વિષય ઉપર રાજ્ય કક્ષાનો ક્રેડિટ સોસાયટી સહકારી સેમિનાર-2026 તા. 22 એપ્રિલ, 2026ને રવિવારના રોજ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્કના સહકાર ભવન ઓડિટોરિયમમાં રાષ્ટ્રિય સહકારી આગેવાન, રાજ્ય સહકારી સંઘ અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, અમદાવાદના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.



ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે સહકારી ક્ષેત્રે ઋણાનુબંધ રહ્યો છે. સહકારી પ્રવૃત્તિની શરૂઆત ગુજરાતમાંથી થઈ હતી અને મહારાષ્ટ્રમાં તે ગુજરાતીઓના યોગદાનથી મજબૂત બની છે. આજના સમયમાં બંને રાજ્યોએ સાથે મળીને સહકારી ક્ષેત્રને અને ગુજરાત સ્ટેટ કો- ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, અમદાવાદના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને સેમિનારની પ્રાસંગિકતા અને રાષ્ટ્રિય અને વૈશ્વિક સહકારી પ્રવૃત્તિ તેમ જ આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષનું મહત્વ સમજાવી જણાવ્યું

## ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યોએ સાથે મળી સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવું જોઈએ : શ્રી ઓમપ્રકાશ કોઈટે

આ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરી ક્રેડિટ સોસાયટીઓને મજબૂત બનાવવા આગળ વધવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ ફેડરેશનના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનને અભિનંદન પાઠવી મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, પૂણેના ચેરમેનશ્રી ઓમપ્રકાશ કોઈટેએ જણાવ્યું હતું કે મજબૂત બનાવી રાષ્ટ્રીય અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપવું જોઈએ. તેમણે ક્રેડિટ સોસાયટીઓને બેન્ક સમાન ઈન્સ્યોરન્સ, રિકવરી સિક્યુરિટીઝ અને પેક્સને મળતો ઓછા વ્યાજ દરનો લાભ આપવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી હતી.

સેમિનારના પ્રમુખસ્થાનેથી રાષ્ટ્રીય સહકારી આગેવાન રાજ્ય સહકારી સંઘ હતું કે, આજે વિકસતા અર્થતંત્રમાં વિશ્વમાં સહકારી પ્રવૃત્તિનું મહત્વ વધી રહ્યું છે. પરિણામે 118 જેટલા દેશોમાં સહકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. સહકારી પ્રવૃત્તિનો દિવસે દિવસે વિવિધ ક્ષેત્રોમાં વિકાસ થઈ રહ્યો છે. 2012 બાદ યુનોએ 2025ના

અનુસંધાન પાના નંબર : 2

## ભારતીય સહકારી ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં નવી ઓળખ; NCEL દ્વારા નિકાસમાં મહત્વપૂર્ણ વધારો

નવી દિલ્હી : ભારતનું સહકારી આંદોલન વૈશ્વિક મંચ પર સતત મજબૂત શક્તિ તરીકે ઉભરી રહ્યું છે, જેને વિશ્વાસ, સામૂહિક શક્તિ અને સહભાગી આર્થિક વિકાસથી પ્રેરણા મળે છે. આ દિશામાં નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL) સહકારી ઉત્પાદનોને સ્થાનિક બજારોથી આગળ લઈ જઈ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કરવામાં પરિવર્તનકારી ભૂમિકા ભજવી રહ્યું છે. આ પહેલ સહકારી સંસ્થાઓને ભારતની નિકાસ અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાનકાર તરીકે સ્થાપિત કરવાની દિશામાં દિર્ધદૃષ્ટા ભૂમિકામાં છે.

હાલમાં NCEL 29 દેશોમાં 54 વિવિધ સહકારી ઉત્પાદનોની નિકાસ કરી રહ્યું છે, જેનું કુલ નિકાસ મૂલ્ય ₹5,731 કરોડ સુધી પહોંચ્યું છે. આ સિદ્ધિ સહકારી સંસ્થાઓને વૈશ્વિક વેપાર નેટવર્ક સાથે જોડવામાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થઈ છે, જેના કારણે ખેડૂતોની આવકમાં વધારો અને નવા આર્થિક સ્રોત સર્જાઈ રહ્યા છે. આ વિસ્તરણ આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય સહકારી ઉત્પાદનોની વધતી સ્વીકાર્યતા પણ દર્શાવે છે.

નિકાસને વધુ પ્રોત્સાહન આપવા માટે NCEL દ્વારા નવા આંતરરાષ્ટ્રીય બજારો વિકસાવવામાં આવ્યા છે. અને વિવિધ પ્રદેશોમાં વેપારિક સંબંધો સ્થાપિત કર્યા છે. વિદેશી એજન્સીઓ, નિકાસ પ્રોત્સાહન પરિષદો અને વિવિધ દેશોની એજન્સીઓ, સહકારી સંસ્થાઓ સાથે સમજૂતીના કરારો (MoU) કરવામાં આવ્યા છે. આ સહયોગોથી વેપાર પ્રક્રિયા સરળ બને છે, ગુણવત્તા ધોરણો




જાળવવામાં મદદ મળે છે અને લાંબા ગાળાના નિકાસ સંબંધો વિકસે છે. આ સંસ્થાએ ફળ-શાકભાજી, અનાજ અને મસાલા જેવી મુખ્ય ઉત્પાદન શ્રેણીઓ માટે અલગ વિભાગો બનાવીને વ્યવસ્થિત અભિગમ અપનાવ્યો છે. ક્ષેત્રકેન્દ્રિત આ વ્યૂહરચના વધુ સારી સંકલન, મજબૂત સપ્લાય ચેઈન, મેનેજમેન્ટ અને ટાર્ગેટેડ માર્કેટિંગ પ્રયત્નોને શક્ય બનાવે છે, જેથી ઉત્પાદનો આંતરરાષ્ટ્રીય ધોરણો અને માંગ મુજબ તૈયાર થાય.

ખેડૂતોને સશક્ત બનાવવા માટે NCEL દ્વારા બહુભાષીય, AI આધારિત ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ ખેડૂતોને નિકાસ પ્રક્રિયા, ગુણવત્તા ધોરણો, પેકેજિંગ અને વૈશ્વિક બજારના ટ્રેન્ડ્સ અંગે જરૂરી માહિતી અને તાલીમ આપે છે. આ રીતે ખેડૂતોને સશક્ત બનાવીને તેમને માત્ર ઉત્પાદક નહીં પરંતુ નિકાસ પ્રક્રિયાના સક્રિય ભાગીદાર બનાવવામાં મદદ મળી રહી છે.

પરંપરાગત કૃષિ ઉત્પાદનો સિવાય, NCEL જળકૃષિ (Aquaculture) જેવા

**5,731 કરોડના નિકાસ સાથે 29 દેશોમાં 54 ઉત્પાદનોની સફળ પહોંચ**

અનુસંધાન પાના નંબર : 2

# ક્રેડિટ સોસાયટીઓ માટે મેનેજમેન્ટ તાલીમ વર્ગ



છોટાઉદેપૂર : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરા દ્વારા વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાની ક્રેડિટ સોસાયટીના કર્મચારીઓને સાંપ્રત પ્રવાહની માહિતીઓથી અપડેટ કરવાના ઉદ્દેશથી "ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીનાં મેનેજર મેનેજમેન્ટ તાલીમ વર્ગ" તારીખ 09/03/2026 થી તારીખ 14/03/2026 સુધી છ દિવસીય વર્ગનું આયોજન સંઘનાં તાલીમ વર્ગમાં કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી આર. એમ. પટેલ પ્રમુખ–વડોદરા ક્રેડિટ કો-ઓપ. ફેડરેશને સોસાયટીનાં વહીવટી અને આર્થિક પ્રશ્નોની જાણકારી આપી હતી, શ્રી એમ.બી.ઉપાધ્યાય—નિવૃત્ત સહકારી અધિકારી–જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વડોદરાએ સોસાયટીને લાગુ પડતી સહકારી કાયદાની કલમો અને નિયમોથી વાકેફ કર્યા હતા. શ્રી મંયકભાઇ પટેલ–ચાર્ટર્ડ એકાઉન્ટે સોસાયટીઓને લાગુ પડતી ઈન્કમટેક્ષને લગતી બાબતોથી માહિતગાર કર્યા હતા. એડવોકેટ શ્રી ભરતભાઇ એન. પટેલે લોનની રીકવરી માટેની કાનૂની વિધિ વિશે માહિતી આપી હતી અને શ્રી અમિતભાઇ પટેલ એક્ઝિક્યુટિવ ઓફિસરે જિલ્લા સહકારી સંઘની શિક્ષણ,તાલીમ અને પ્રચારની કામગીરીની જાણકારી આપી હતી. શ્રી પ્રવિણભાઇ પટેલ-અધ્યક્ષ વડોદરા જિલ્લા સહકારી સંઘે પૂર્ણાહુતિ કાર્યક્રમમાં હાજર રહી તાલીમાર્થીઓનાં અભિપ્રાય મેળવી ભવિષ્યમાં આવા તાલીમવર્ગમાં વધુ કર્મચારીઓને તાલીમ લેવા અનુરોધ કર્યો હતો. સમગ્ર વર્ગનું સંચાલન સી.ઇ.આઇ. શ્રી શિરીષ પટેલે કર્યુ હતું.

### CICOPA દ્વારા ઔદ્યોગિક... પાના નં. 1નું અનુસંધાન

અર્થતંત્રમાં તેમની મજબૂત ભૂમિકા દર્શાવે છે. ઉપરાંત, 76 ટકા કર્મચારીઓ પોતે જ સહકારી સંસ્થાના સભ્યો હોવાને કારણે તેઓ સંસ્થાના સહમાલિક તરીકે નિર્ણાયક પ્રક્રિયામાં સક્રિય રીતે જોડાયેલા રહે છે. સહકારી સંસ્થાઓના પ્રકાર મુજબ, 74 ટકા સંસ્થાઓ શ્રમિક સહકારી તરીકે કાર્યરત છે, જ્યારે 24 ટકા સામાજિક સહકારી સંસ્થાઓ છે, જે જનહિત માટે સેવા અને ઉત્પાદન પ્રદાન કરે છે. સ્વ-રોજગાર ઉત્પાદકોની સહકારી સંસ્થાઓની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે.

ક્ષેત્રવાર વિભાજનમાં, 69 ટકા સહકારી સંસ્થાઓ સેવા ક્ષેત્રમાં, 20 ટકા ઉદ્યોગ ક્ષેત્રમાં અને 9 ટકા બાંધકામ ક્ષેત્રમાં કાર્યરત હોવાનું જણાયું છે. અગાઉની તુલનામાં સેવા ક્ષેત્રનું મહત્વ વધતું જોવા મળે છે, જ્યારે ઉદ્યોગ અને બાંધકામ ક્ષેત્રમાં થોડો ઘટાડો નોંધાયો છે.

અહેવાલમાં સમાવેશ, સમાનતા અને રોજગારની ગુણવત્તા જેવા મુદ્દાઓ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કેટલીક જગ્યાએ દિવ્યાંગ વ્યક્તિઓ કાર્યબળનો મહત્વપૂર્ણ હિસ્સો ધરાવે છે, જ્યારે મહિલાઓ અને યુવાનોની સક્રિય ભાગીદારી પણ નોંધપાત્ર છે.

તાજેતરના આર્થિક પડકારો છતાં, CICOPAના મોટાભાગના સભ્યોએ તેમની આર્થિક અને રોજગાર સ્થિતિને સ્થિર અથવા સુધરતી ગણાવી છે અને આવનારા સમયમાં પણ આ સ્થિરતા જળવાઈ રહેશે તેવી આશા વ્યક્ત કરી છે.

આ અહેવાલ વૈશ્વિક સહકારી ક્ષેત્ર માટે માર્ગદર્શક સાબિત થશે અને સહકારી મોડલના સશક્તીકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

### સહકારી સંસ્થાઓ... પાના નં. 1નું અનુસંધાન

ઉદ્યોગકારો પોતાના ગામે જ નાણાં ઉપાડી શકે છે, ડિજિટલ ચુકવણી કરી શકે છે અને લોન મેળવી શકે છે. આથી તેમને બેંક શાખાઓ સુધી લાંબી મુસાફરી કરવાની જરૂર રહેતી નથી અને અનૌપચારિક ધિરાણ પરની નિર્ભરતા પણ ઘટી છે.

આ અભિયાનની એક મહત્વપૂર્ણ વિશેષતા સહકારી સંસ્થાઓમાં માઈક્રો-એટીએમની સ્થાપના છે. જેના કારણે ઘરઆંગણે બેન્કિંગ સેવાઓ ઉપલબ્ધ બની છે. આ હેન્ડહેલ્ડ ઉપકરણો બાયોમેટ્રિક પ્રમાણીકરણ દ્વારા વ્યવહાર કરવાની સુવિધા આપે છે, જેના કારણે મર્યાદિત સુવિધાઓ ધરાવતા દૂરના વિસ્તારોમાં પણ બેન્કિંગ સરળ બની છે. સાથે જ RuPay કિસાન ક્રેડિટ કાર્ડ ખેડૂતોને કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે સરળ અને સસ્તું ઋણ ઉપલબ્ધ કરાવે છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પહેલના નોંધપાત્ર પરિણામો સામે આવી રહ્યા છે. અત્યાર સુધીમાં 33 લાખથી વધુ નવા બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા છે. જેના કારણે ગ્રામ્ય ભારતમાં સત્તાવાર નાણાકીય નેટવર્કનો વ્યાપ નોંધપાત્ર રીતે વધ્યો છે. ઉપરાંત, 10,000થી વધુ "બેંક મિત્ર" ગામોમાં નિયુક્ત કરવામાં આવ્યા છે, જે ગ્રામજનોને ડિજિટલ નાણાકીય સેવાઓનો ઉપયોગ કરવામાં મદદ કરે છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સ્તરે પણ નોંધપાત્ર વિકાસ થયો છે. 10,000થી વધુ માઈક્રો-એટીએમ વિતરણ કરવામાં આવ્યા છે જેના કારણે મજબૂત "લાસ્ટ માઈલ" બેન્કિંગ નેટવર્ક ઊભું થયું છે. આ અભિયાન દ્વારા 6.5 લાખથી વધુ કિસાન ક્રેડિટ કાર્ડ અને અંદાજે 9.5 લાખ પશુપાલન કાર્ડ પણ જારી કરવામાં આવ્યા છે, જેના કારણે ખેતી અને પશુપાલન બંને ક્ષેત્રોને પ્રોત્સાહન મળ્યું છે.

વિશેષજ્ઞો માને છે કે આવી પહેલો સમાવેશક વિકાસ માટે અત્યંત જરૂરી છે. સહકારી સંસ્થાઓને આધુનિક બેન્કિંગ સિસ્ટમ સાથે જોડીને સરકાર ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવી રહી છે. આથી ખેડૂતો વધુ સારી રીતે રોકાણ કરી શકે છે, ઉત્પાદનક્ષમતા વધારી શકે છે અને નવી રોજગાર તકો ઊભી થઈ રહી છે.

મંત્રાલયે જણાવ્યું કે "સહકારમાં સહકાર" અભિયાન આત્મનિર્ભર ગ્રામીણ અર્થતંત્ર તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, જ્યાં સહકારી સંસ્થાઓ નાણાકીય સશક્તીકરણનો આધાર બને છે. ગ્રામીણ અર્થતંત્રોમાં ઝુંબેશનો પ્રભાવ પહેલેથી જ દેખાય છે. ધિરાણ અને ડિજિટલ ચુકવણીઓની વધેલી પહોંચ ખેડૂતોને વધુ સારા ઈનપુટ્સમાં રોકાણ કરવામાં, તેમના કાર્યોને વિસ્તૃત કરવામાં અને ઉત્પાદકતામાં સુધારો કરવામાં મદદ કરી રહી છે. તે જ સમયે, ગ્રામીણ સ્તરે નાણાકીય સેવાઓની ઉપલબ્ધતા નવી રોજગારીની તકો ઉત્પન્ન કરી રહી છે અને સ્થાનિક આર્થિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવી રહી છે.

આ પહેલના વિસ્તરણ સાથે ભારતનું ગ્રામીણ બેન્કિંગ ક્ષેત્ર નવી ઓળખ મેળવી રહ્યું છે, જ્યાં દરેક ગામ હવે આવશ્યક નાણાકીય સેવાઓથી માત્ર એક ક્લિક દૂર છે.

### સહકારથી સમૃદ્ધિ દ્વારા... પાના નં. 1નું અનુસંધાન

વર્ષને 'કૉ-ઓપરેટિવ્સ બિલ્ડ ધ બેટર વર્લ્ડ' વિષય વસ્તુ નિર્ધારિત કરીને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું હતું. પુનઃ- સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુએન ) એ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)માં સમાવેશી આર્થિક અને સામાજિક વિકાસમાં સહકારી સંસ્થાઓના યોગદાનને સ્વીકારી આજના યુદ્ધના માહોલમાં સહકાર દ્વારા જ શાંતિ સ્થાપિત કરી શકાય તેમ છે. તે માટે વધુને વધુ લોકો સહકારી ક્ષેત્ર સાથે જોડાય તે માટે એક સીમાચિહ્નરૂપ ઠરાવ કર્યો છે. જેમાં દર દસ વર્ષે એકવાર 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ' તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું છે. આમ યુનોએ સહકારી મોડેલને મજબૂત સમર્થન આપ્યું છે.

વધુમાં સહકારી પ્રવૃત્તિના મહત્વને સમજાવતા અમૂલ, લિજ્જત પાપડની સફળગાથાને સમજાવી શ્રી અમીને જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારથી સમૃદ્ધિનું સૂત્ર આપ્યું છે. અને દેશના 5 ટ્રિલિયન અર્થતંત્ર માટે આત્મનિર્ભરતા દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં સહકારી સાહસો રાષ્ટ્રના વિવિધ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આંતરમાળખાકીય વિકાસમાં મહત્વની ભૂમિકા નિભાવી રહ્યાં છે. તે બાબતે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સહકાર મંત્રાલયે આ વિઝનને સાકાર કરવા, ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની રાહબરમાં રાષ્ટ્રિય સહકારી નીતિ – 2025 દ્વારા સહકારિતાના વિકાસના મહત્વના કામો થઈ રહ્યા છે. ખૂબ જ ટૂંકાગાળામાં દૂરંદેશી વિવિધ યોજનાઓ બનાવી વિવિધ 60 જેટલાં પગલાં લીધા છે. રાષ્ટ્રિય કક્ષાએ વિવિધ એપેક્ષ સહકારી સંસ્થાઓની રચના કરી છે. તેને નાની સહકારી સંસ્થાઓ જોડીને આત્મનિર્ભર રહ્યાં છે. ખેડૂતોને તેમની ઉત્પાદનોની નિકાસ કરવામાં સરળતા રહે અને ખેડૂતોને તેમના ઉત્પાદનોના સારા ભાવ મળે તે માટે નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NECL) ની રચના કરી છે. આ સંસ્થાએ પહેલાં વર્ષે રૂ. 400 કરોડનો નફો કરી 20 ટકા ડિવિડન્ડ વહેંચ્યું છે. તે જ રીતે ભારત સહકાર ટેક્સી દેશની સૌથી મોટી ટેક્સી કંપની બનશે. તાજેતરમાં શરુ કરાયેલા આ સહકારી સંસ્થામાં 2 લાખ ડ્રાઈવરોએ નોંધણી કરાવી દીધી છે. આમ સહકારી સાહસો સહકારથી સમૃદ્ધિ લાવશે, જે સહકારી ક્રેડિટ ક્ષેત્રને પણ મજબૂત બનાવશે.

શ્રી અમીને બુલદાણા અને ગોદાવરી જેવી મલ્ટી-સ્ટેટ ક્રેડિટ સોસાયટીઓના ઉદાહરણો આપી જણાવ્યું કે, સહકારી સંસ્થાઓથી તેના સભાસદોને ફાયદો થવો જોઈએ. તે માટે ક્રેડિટ સોસાયટીઓએ સમયની માંગ પ્રમાણે આધુનિક બજાર વ્યવસ્થામાં અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ થવું પડશે. તે માટે ઓનલાઈન-કોમ્પ્યુટર સેવાઓ અપનાવી ક્રેડિટ સોસાયટીની કાર્યક્ષમતામાં વધારો કરવો પડશે. તેનો લાભ સભાસદો સુધી પહોંચાડવો પડશે.

સેમિનારના મુખ્ય મહેમાન સ્થાનેથી રાજ્ય સહકારી સંઘના ઉપાધ્યક્ષ શ્રી રવિન્દ્રસિંહ રણાએ ફેડરેશન દ્વારા પ્રકાશિત 'સમન્વય' પુસ્તિકાનું વિમોચન કરી ક્રેડિટ સોસાયટીઓને મજબૂત બનાવવા અંગે માહિતી આપી જણાવ્યું હતું કે, ક્રેડિટ સોસાયટીઓએ પારદર્શક સંચાલન કરવા માટે ડિજિટલાઈઝેશન અપનાવવું પડશે. સોસાયટીઓને અન્ય વ્યવસાય કરી સશક્ત બનાવી સભાસદોને લાભ પહોંચાડવો જોઈએ.

સેમિનારના મુખ્ય અતિથિ સ્થાનેથી ગોદાવરી અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી, નાદેડ, મહારાષ્ટ્રના ચેરપર્સનશ્રી રાજશ્રીતાઈ પાટિલે ક્રેડિટ સોસાયટીઓમાં ટેક્નોલોજી અંગે જણાવ્યું હતું કે, સહકાર એક માત્ર સંસ્થા નથી. તે એક બીજાનો હાથ પકડી આગળ વધવામાં મદદ કરે છે. બદલાતી દુનિયામાં તેણે ટકી રહેવા માટે ટેક્નોલોજી અપનાવવી અત્યંત જરૂરી છે. ક્રેડિટ સોસાયટીઓએ ગ્રાહકોનો વિશ્વાસ ટકાવી રાખવા, નામના મેળવવા, જીવંત અને તંદુરસ્ત રહેવા માટે પારદર્શક વહીવટ કરવા આધુનિક પ્રણાલીઓનો ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે.

આ સેમિનારમાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્કના ચેરમેનશ્રી અજયભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી. બેન્કના જનરલ મેનેજરશ્રી મનોજભાઈ પટેલે સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારની ભાવનાને મજબૂત કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ફેડરેશનના વાઈસ ચેરમેન ડૉ. જીવરાજભાઈ ગોધાણીએ કાર્યક્રમની રૂપરેખા આપી ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ફેડરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી દુષ્યંતસિંહ વાઘેલાએ આભાર વ્યક્ત કર્યો હતો. રાજ્યકક્ષાના ક્રેડિટ સોસાયટીઝ સહકારી સેમિનારમાં બિઝનેસ એક્સપાન્સન ઈન ક્રેડિટ કો-ઓપરેટિવ અંગે મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, પૂણેના ચેરમેનશ્રી ઓમપ્રકાશ કોઈટેએ, લેટેસ્ટ એમેન્ડમેન્ટ ઈન કો-ઓપરેટિવ એક્ટ અંગે પૂર્વ જોઈન્ટ રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય શ્રી જે.જે. શાહે તથા ક્રેડિટ સોસાયટીને બોર્ડ ઓફ નોમિની અને કાયદાની કલમ 138 અંગે વિસ્તૃત માર્ગદર્શન એડવોકેટ અને નોટરીશ્રી નરેશભાઈ નાવડીયાએ પૂરું પાડ્યું હતું. આ સેમિનારમાં રાજ્યની વિવિધ ક્રેડિટ સોસાયટીઓમાંથી 550 જેટલા પ્રતિનિધિઓએ ઉપસ્થિતિ રહી માર્ગદર્શન મેળવ્યું હતું. આ સેમિનારનું સંચાલન મહેસાણા વ્યવસ્થાપન કેન્દ્રના પ્રિન્સિપાલશ્રી એ. કે. રાવલ અને રાજ્યસંઘના ઓફિસરશ્રી દિપશીખા ઠાકુરે કર્યું હતું. સેમિનારને સફળ બનાવવા રાજ્ય સહકારી સંઘના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# લુણાવાડામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો મંત્રી તાલીમ વર્ગ યોજાયો

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની તાલીમ પ્રચાર અને પ્રસારના ભાગ રૂપે મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા દ્વારા મોતીબાગ પાર્ટી પ્લોટ, મોડાસા રોડ,લુણાવાડા ખાતે તારીખ 28/02/26ને શનિવારના રોજ નાગરિક સહકારી બેંકો અને કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓના કર્મચારીઓ, સેવા સહકારી મંડળીઓના કર્મચારીઓ તથા 28 દિવસીય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના મંત્રી તાલીમ વર્ગની પૂર્ણાહુતિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રોગ્રામમાં ઉપસ્થિત સૌ મહેમાનોનું શ્રી મોતીભાઈ એસ. પગીએ શબ્દોથી સ્વાગત કરેલું. અન્ન અને નાગરિક પુરવઠા નિગમના પૂર્વ ચેરમેન, અમૂલના ડિરેક્ટર, માજી ધારાસભ્ય બાલાસિનોર તથા મહીસાગર જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી રાજેશકુમાર ગજાનન પાઠકે આ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રોગ્રામમાં ઉપસ્થિત, શ્રી એસ.એમ.ખાંટ, ડિરેક્ટરશ્રી, મહીસાગર જિલ્લા સહકારી સંઘ,લુણાવાડા, નિવૃત અધિક્ષક ઈજનેર કડાણા, શ્રી રમેશભાઈ બારીયા, ડિરેક્ટરશ્રી, મહીસાગર જિલ્લા સહકારી સંઘ,લુણાવાડા શ્રી હર્ષદભાઈ એમ. શાહ માનદ મંત્રીશ્રી, ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન અમદાવાદ, ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી ફેડરેશન અમદાવાદના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, શ્રી દુષ્યંતસિંહ વાઘેલા, શ્રી કેતનભાઈ દરજી માજી સીઈઓ નાગરિક સહકારી બેંક ફતેપુરા તથા નયનભાઈ દવે ચેરમેનશ્રી ઉત્કર્ષ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી અને મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ એસ. ચૌહાણ તમામ મહેમાનોનું બૂકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામમાં તારીખ 02/02/26 થી તારીખ 01/03/26 દરમ્યાન દૂધ મંડળીઓના મંત્રીઓ માટેનો તાલીમ વર્ગ યોજેલ જેમાં પ્રથમ નંબરે ધી કુંડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તા- લુણાવાડાના મંત્રીશ્રી પ્રભુદાસ માછીને બીજા નંબરે ધી સારિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તા- વિરપુરના મંત્રીશ્રી કિર્તનકુમાર ખાંટને ત્રીજા નંબરે ધી નાન સલાઈ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તા-વિરપુર ના મંત્રીશ્રી મેહુલકુમાર બારૈયાને મહાનુભાવોના હસ્તે શિલ્ડ અને પ્રસંશાપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ સેમિનારમાં ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ.ક્રેડિટ સોસાયટી ફેડરેશન અમદાવાદના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી દુષ્યંતસિંહ વાઘેલાએ પ્રોગ્રામની રૂપરેખા આપી હતી. સહકારી કાયદો, તેમાં આવેલ સુધારા અને વધારા સાથે સાથે સંસ્થાઓ અને મંડળીઓના પેટાનિયમો, ઓડિટર તથા જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા લેવાતા પગલા, સહકારી મંડળીઓના પેટાનિયમમાં સુધારા કરવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી કેતનભાઈ દરજીએ સહકારી સંસ્થાઓના સંચાલનમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી. શ્રી એસ.એમ.ખાંટ, ડિરેક્ટરશ્રી, મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડા તથા મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ એસ. ચૌહાણ અને સ્ટાફના સૌ કર્મચારીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

'શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નડિયાદ મુકામે

# "ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ" કોર્ષ સત્ર નં.-59 પૂર્ણાહુતિ કાર્યક્રમ સંપન્ન થયો"

નડિયાદ : ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ સંચાલિત શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નડિયાદ ખાતે "ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ"(ડી.સી.એમ.)સત્ર નં.-59નો પૂર્ણાહુતિ કાર્યક્રમ અમૂલ ડેરીના વાઈસ ચેરમેન શ્રી વિજયભાઈ એફ.પટેલના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો.

પૂર્ણાહુતિ કાર્યક્રમની તાલીમાર્થી બહેનોએ પ્રાર્થનાથી કરી. શાબ્દિક સ્વાગત કેન્દ્રના અધ્યાપક શ્રી હર્ષદભાઈ શાહ કર્યું હતું. ત્યારબાદ ડી.સી.એમ. તાલીમ વર્ગ અંગેની માહિતી આપતાં જણાવેલ કે આ સહકારી તાલીમ વર્ગમાં કુલ 41 તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવેલ જેમાંથી 36 તાલીમાર્થીઓએ સંતોષકારક તાલીમ મેળવી પરીક્ષામાં બેઠેલ છે. તાલીમાર્થી ભાઈ – બહેનોએ પોતાના તાલીમ સમય દરમ્યાનના થયેલ અનુભવોના પ્રતિભાવો આપતાં જણાવ્યુ હતું કે આ તાલીમ તેમને કાર્યમાં ઘણી બધી ઉપયોગી થઈ પડશે. કારણ કે આ તાલીમ ધ્વારા અમોને સહકારી ક્ષેત્રનું તમામ ભાથું જ્ઞાન સ્વરૂપે મળેલ છે.જેનો અમો અમારા ક્ષેત્રમાં હવે પછી ભરપૂર ઉપયોગ કરીશું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડિરેકટર અને આશાપુરી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના ચેરમેન શ્રી દિલીપભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ કે,દરેક વ્યકિત કોઈ પણ ઉમંરે કંઈક ને કંઈક નવું શીખી શકે છે. શિક્ષણ –તાલીમ ને ઉમર સાથે કોઈ સંબંધ નથી, " Education is a Countinue



Process" માટે દરેક કર્મચારીઓએ પોતાની ખાતાકીય આવતી તાલીમોમાં અવશ્ય ભાગ લેવો જ જોઈએ. તાલીમ લેવાથી તમારા જ્ઞાનમાં વધારો થાય છે. સમાંરભના મુખ્ય મહેમાન અને અમૂલ ડેરીના વાઈસ ચેરમેને પોતાના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું કે આ તાલીમ તમારા જીવનમાં ખૂબજ ઉપયોગી થશે. તેમજ આગામી શરૂ થનાર નવું ડી.સી. એમ.સત્ર નં.-60 માટે આપની સંસ્થાના અન્ય પગારદાર કર્મચારીઓને પણ તાલીમ લેવા તાલીમાર્થીઓ મોકલવા સૌને અનુરોધ કર્યો હતો.

પૂર્ણાહૂતિ કાર્યક્રમના અધ્યક્ષ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અને નડિયાદ તાલીમ કેન્દ્રના પ્રિન્સિપાલશ્રી શીતલકુમાર પી.ભટ્ટે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

અંતમાં આભાર દર્શન કેન્દ્રના અધ્યાપકશ્રી ઉદેસિંહ પી.વાઘેલાએ કર્યું હતું. સંચાલન કેન્દ્રના અધ્યાપિકા શ્રી વૈશાલીબેન રાવલે કર્યુ હતું.

# સોજિત્રા તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના સેક્રેટરીઓ માટે સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગ

સોજિત્રા : ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ અને તાલીમના ભાગરૂપે આણંદ જિલ્લા સહકારી સંઘ દ્વારા સોજિત્રા તાલુકાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સેક્રેટરીઓ માટેનો સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગ આણંદ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી રજનીકાંત પટેલના પ્રમુખપણા હેઠળ યોજાયો.

કાર્યક્રમને પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી ખુલ્લો મુકતાં આણંદ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી કાર્તિકભાઈ પટેલે દૂધ મંડળીમાં વહીવટી કામ-કાજમાં ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ વિશે, પેટા-નિયમ (મંડળીના બાયલોઝ) વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

સદર કાર્યક્રમમાં જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી રજનીકાંત પટેલ, સોજિત્રા એમ. એમ. હાઈસ્કૂલના ઈન્ચાર્જ આચાર્યશ્રી મનોરભાઈ માછીએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી મનોરભાઈ માછીએ દૂધ મંડળીઓના સેક્રેટરીશ્રીને મંડળીનો વહીવટ પારદર્શક કરવા અનુરોધ કરેલ. સાથે-સાથે સહકારી પ્રવૃત્તિ વિશે ટૂંકમાં જણાવી પોતાનો ફાળો આપવા જણાવેલ.

સદર તાલીમ વર્ગનું સંચાલન આણંદ જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી પિન્ટુબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. સદર તાલીમવર્ગમાં સોજિત્રા તાલુકાની 24 જેટલી દૂધ મંડળીઓના સેક્રેટરી, કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ છે.



### ભારતીય સહકારી ઉત્પાદનોને... પાના નં. 1નું અનુસંધાન

નવા ક્ષેત્રોમાં પણ પ્રવેશ કરી રહ્યું છે, જ્યાં તે ઝીંગા અને અન્ય જળજીવ ઉત્પાદનો માટે વેપારી નિકાસકાર તરીકે કાર્ય કરી રહ્યું છે. આ વૈવિધ્યકરણથી ઊંચા મૂલ્યના નિકાસ અવસર વધવાની અને વૈશ્વિક વેપારમાં સહકારી ક્ષેત્રની ભાગીદારી વધવાની આશા છે. NCEL આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો અને ખરીદદારો-વેચાણકારોની બેઠકો દ્વારા ભારતીય સહકારી ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહિત કરી રહ્યું છે, જેના દ્વારા વૈશ્વિક ખરીદદારો સાથે સીધી જોડાણ અને દૃશ્યતા વધે છે. આ તમામ પહેલો "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને મજબૂત બનાવે છે અને વૈશ્વિકીકરણના લાભો તળિયાના સ્તરના ઉત્પાદકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરે છે.

ADMISSION OPEN

ગુજરાત રાજ્ય સહકારી સંઘ

ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M.) તમારી કારકિર્દીને ઉજ્જવળ બનાવો

મંડળીઓ/સંસ્થાઓના કર્મચારીઓ/કોલેજના વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ તક...

નવરચિત સહકાર મંત્રાલય દ્વારા 2 લાખ પેક્સ (PACS) મંડળીઓની રચના કરવામાં આવી રહી છે ત્યારે આ મંડળીઓના કામકાજ માટે વિશાળ સંખ્યામાં તજજ્ઞો-કર્મચારીઓની જરૂરિયાત ઊભી થશે. નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયા અને નેશનલ કાઉન્સિલ ઓફ કો-ઓપરેટિવ ટ્રેઈનિંગની માન્યતા ધરાવતો ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ તાલીમનો કોર્ષ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા તમારી નજીકમાં શરૂ થઈ રહ્યો છે.

તો આજે જ ડી.સી.એમ. કોર્ષમાં જોડાઓ જો... જો.... મોડું ના કરતાં......

કોર્ષની વધુ માહિતી નીચે મુજબ છે...

સદર કોર્ષમાં સહકારના નીચે મુજબના વિષયો ભણાવવામાં આવે છે

(1) સહકાર (2) ધંધાકીય વિકાસ આયોજન (બી.ડી.પી.) (3) નાણાંકીય હિસાબો અને ઓડિટ (4) કોમ્પ્યુટર સંચાલકીય પાંસાઓ (5) સહકારી સંચાલન-વ્યવસ્થાપન (6) સહકારી મંડળીઓના કાયદાકીય પાસાંઓ (7) સહકારી ધિરાણ અને બેન્કિંગ આ સાત વિષયો શીખવવામાં આવે છે.

કોર્ષનું નામ: ડિપ્લોમા ઇન કો - ઓપરેટિવ મેનેજમેન્ટ (D.C.M)

કોર્ષ મુદત : 5 મહિના ■ લાયકાત : ધોરણ 12 પાસ ■ ઉંમર : 18 વર્ષ

શરૂઆત તારીખ : 20 એપ્રિલ, 2026 થી તા. 07 સપ્ટેમ્બર 2026 ■ ઓનલાઇન / ઓફલાઇન વર્ગો

તમારું ભવિષ્ય તૈયાર છે - આપ તૈયાર છો? DCM દ્વારા સહકારમાં સફળ કારકિર્દી તરફ પહેલું પગથિયું!

એડ્મિશન માટે આજે જ તમારા નજીકમાં આવેલ અમારા કેન્દ્રની મુલાકાત લો.

| ક્રમ | વ્યવસ્થાપન કેન્દ્રનું નામ | આચાર્યનું નામ અને ફોન નંબર |
|---|---|---|
| 1. | શ્રી દયાળજીભાઈ ગો.પટેલ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, કામરેજ ચાર રસ્તા, જિ.સુરત | શ્રી સુધીરભાઈ દવે, 9879023623 |
| 2. | શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર સહકારી વિદ્યાભવન, મિશન રોડ, નડિયાદ, જિ.ખેડા | શ્રી શીતલભાઈ ભટ્ટ, 9879925594 |
| 3. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર શ્રીનગર સોસાયટી, સુખાપરા, જિ.મહેસાણા | શ્રી અલ્પેશભાઇ રાવલ, 9427385386 |
| 4. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર જિલ્લા સહકારી સંઘ સહકાર ત્રિવેણી 29/38, કરણપરા, બસ સ્ટેન્ડ પાછળ, જિ.રાજકોટ. | શ્રી એમ એ શેરસિયા, 9879857565 |
| 5. | શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર મુ.પો.નારી, વાયા-ચિત્રા, તા.જિ.ભાવનગર | શ્રી દિપકભાઇ રાવલ, 9427728225 |
| 6. | ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર ચોથે માળ, સહયોગ બિલ્ડીંગ, જયોતિસંઘ પાછળ, રીલીફ રોડ, જિ.અમદાવાદ | શ્રી જય ઠક્કર, 9099015193 |


# જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા જિલ્લા કક્ષાનો મહિલા સહકારી સેમિનાર

જામનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અન્વયે જામનગર જિલ્લા સહકારી સંઘ અને સરકારશ્રીના આરોહણ પ્રોજેક્ટ- સમાણા કલસ્ટરના સંયુકત ઉપક્રમે મોટાપાંચદેવડા, તા. કાલાવડ મુકામે તારીખ 09/03/2026ના રોજ મહિલા દિનની ઉજવણીના ભાગ રૂપે મહિલા સહકારી સેમિનાર યોજવામાં આવેલ.

આ સેમિનારમાં ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર સંચાલિત નારી અદાલતના કાલાવડ તાલુકાના પ્રતિનિધિ શ્રીમતી હિનાબહેને નારી અદાલતની ભૂમિકા વિશે સમજણ આપી ઉપસ્થિત મહિલાઓને નારીઓને મૂંઝવતી કોઈપણ પારિવારીક સમસ્યાઓ અંગે તેઓને સાથ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

આ સેમિનારમાં ઉપસ્થિત અરલા ગામના સરપંચ અને સામાજિક આગેવાન શ્રીમતી સમજુબેન કોયાણીએ જણાવેલ કે આજની પરિસ્થિતિ જોતા મહિલાઓની પરિસ્થિતિમાં સુધારો આવી રહ્યો છે, જે શહેરોમાં ખૂબજ ઝડપથી થઈ રહ્યો છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં ધીમી ગતિએ ચાલી રહ્યો છે. આજના સમાજમાં મહિલાઓ મજબૂત, સ્વતંત્ર, શિક્ષિત અને વ્યવસાયિક જીવન પ્રત્યે ખૂબજ જાગૃત છે. ભારતની મહિલાઓ પ્રગતિના પંથ ઉપર ચાલી રહી છે. વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ હરણફાળ ભરી રહી છે.

આ સેમિનારમાં ઉપસ્થિત જામનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી, સહકાર ભારતી, ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અને શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ.ના ડાયરેકટરશ્રી વશરામભાઈ ચોવટીયાએ જણાવેલ કે મહિલા એ કુટુંબને એક




સાથે જોડતી કડી છે. તેનામાં રહેલ સહનશીલતા, દયા અને ત્યાગની ભાવનાને લીધેજ સંયુકત કુટુંબ પ્રથા જળવાઈ રહેલ છે.

આ સેમિનારમાં ઉપસ્થિત જામનગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ આર્થિક સ્વતંત્રતા હાંસલ કરવામાં સહકારી પ્રવૃત્તિ મોટો ફાળો આપી શકે તેમ છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારમાં આરોહણ પ્રોજેકટ ઓફિસર શ્રીમતી નીતાબેન પરમારે માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારમાં એફપ્રો સંસ્થામાંથી ઉપસ્થિત કેતનભાઈ ચોવટીયાએ તેમની સંસ્થા વિશે બહેનોને જાણકારી આપી હતી. જુદા જુદા ગામોથી ઉપસ્થિત સખી મંડળ સાથે જોડાયેલ બહેનોએ પોતાના અનુભવ અને વિચારોની આપ-લે કરી હતી. આ સેમિનારમાં બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ.

# ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા દ્વારા "સહકારથી સમૃધ્ધિ" કાર્યક્રમ યોજાયો

મહેસાણા : ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા દ્વારા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ,દૂધસાગર ડેરીના સીએસ વિભાગના મેનેજર શ્રી ફાલ્ગુનભાઈની ઉપસ્થિતિમાં "સહકારે સમૃદ્ધિ" તથા DCM 58 ના તાલીમાર્થીઓને માર્કશીટ અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદની સહકારી શિક્ષણ અને તાલીમની યોજનાના ભાગરૂપે ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, મહેસાણા ખાતે "સહકારથી સમૃદ્ધિ" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (દૂધસાગર ડેરી)ના સીએસ વિભાગના મેનેજર શ્રી ફાલ્ગુનભાઈ ચૌધરી તથા મહેસાણા જિલ્લા સહકારી સંઘના મેનેજર શ્રી સંજયભાઈ સકસેના હાજર રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, દૂધસાગર ડેરીના સી.એસ. વિભાગના મેનેજર શ્રી ફાલ્ગુનભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આપણે મંડળીઓ અને સભાસદોના માલિક નહીં પરંતુ એક ટ્રસ્ટી તરીકે સતત કાર્યશીલ રહેવું જોઈએ જેના અંતર્ગત દૂધસાગર ડેરી તરફથી મળતી સેવાઓ અને સભાસદોને માટે વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું




કે અમૂલ AI દ્વારા તથા AI પદ્ધતિ અને આધુનિક ટેકનોલોજીથી મંડળીના સભ્યોને તમામ માહિતી પોતાના મોબાઈલ દ્વારા ઉપલબ્ધ થશે. હાલ અમૂલ દ્વારા "સરલા" નામની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલ છે જેના દ્વારા પ્રથમવાર S.N.F., દૈનિક હિસાબો, ફેટ વગેરેની માહિતી મોબાઈલ એપ્લિકેશન પરથી સરળતાથી મેળવી શકાશે. કોઈપણ વ્યક્તિ કે સભાસદ આ એપ્લિકેશન દ્વારા પોતાના જરૂરી માહિતી તેમજ ડેરી તરફથી મળતી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવી સરળતાથી પોતાના જીવન ધોરણમાં આર્થિક અને સામાજિક દરજ્જો ઊંચો લાવવાનો પ્રયત્ન કરશે. આ પ્રસંગે મહેસાણા તાલીમ કેન્દ્રના પ્રિન્સિપાલ શ્રી એ. કે. રાવલે સહકારી પ્રવૃત્તિનો વૈશ્વિક સ્તરે થતો વિકાસ, ભારતમાં વર્તમાન શિક્ષણ તાલીમનું માળખું અને ત્રિભુવનદાસ યુનિવર્સિટી અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે DCM 58 ના તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને માર્કશીટ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત તાલીમ કેન્દ્રના અધ્યાપકશ્રી જીતુભાઈ બી. પટેલે કર્યું હતું, કાર્યક્રમનું સંચાલન મહેસાણા તાલીમ કેન્દ્રના અધ્યાપકશ્રી ધર્મેશભાઈ એમ. દવેએ કર્યું હતું તેમજ આભાર વિધિ તાલીમ કેન્દ્રના અધ્યાપકશ્રી મહેન્દ્રસિંહ આર. ચૌહાણે કરી હતી.

યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# સાવરકુંડલા નાગરિક બેંક ખાતે અર્બન ક્રેડિટ કો - ઓપરેટિવનો સેમિનાર યોજાયો

અમરેલી : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના મુજબ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા સાવરકુંડલા નાગરિક બેંક ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ નાગરિક બેંકના કર્મચારીઓ, બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ માટે અર્બન ક્રેડિટ




કો-ઓપરેટિવનો એક દિવસીય સેમિનાર યોજાયો હતો. જેના તજજ્ઞ વક્તા તરીકે અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકના શ્રી જીગ્નેશભાઈ ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે CTC, ઓનલાઈન બેન્કિંગ, ફ્રોડ વગેરે બાબતો પર તથા યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણી દ્વારા સમય સાથે તાલ મેળવી તે મુજબ કાર્ય પદ્ધતિમાં ફેરફાર કરવા માટે થતી કાર્યવાહી બાબતે વિસ્તૃત ચર્ચાકરી હતી. જ્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ શ્રી ભાર્ગવ ત્રિવેદી, સી. ઈ. આઈ શ્રી સાગરભાઈ મહેતા અને જીતુભાઈ ભડોદરિયા દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

ભેળસેળ રોકવા ભારતીય ખાદ્ય સુરક્ષા, માનક પ્રાધિકરણની એડવાઈઝરી

# સહકારી સંઘ સિવાયના દૂધ ઉત્પાદકોને હવે FSSAIનું રજિસ્ટ્રેશન-લાઇસન્સ ફરજિયાત

ગાંધીનગર : જે દૂધ ઉત્પાદકો સહકારી મંડળી કે સંઘમાં દૂધ ભરાવતા નથી અને છુટકમાં વેચાણ કરે છે તેમને હવે ભારતીય ખાદ્ય સુરક્ષા પ્રાધિકરણ- FSSAIમાં ફરજિયાતપણે રજિસ્ટ્રેશન કરાવવું પડશે ને લાયસન્સ પણ લેવુ પડશે. FSSAIએ દૂધમાં થતી ભેળસેળ અટકાવવા, નાગરિકોને શુદ્ધ દૂધ મળી રહે તે ઉદ્દેશ્ય સાથે બુધવારે એક એડવાઈઝરી જાહેર કરી છે.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ- FSSAIની એડવાઈઝરીમાં દૂધના વ્યવસાયની સાથે જોડાયેલા ઉત્પાદકો, વિક્રેતાઓ માટે ફરજિયાત રજિસ્ટ્રેશન અને લાયસન્સ બાબતે સુચના આપવા અંગેનો ઉદ્દેશ્ય જાહેર થયો છે. જેમાં કહેવાયુ છે કે, જેઓ દૂધ ઉત્પાદન કરે છે પરંતુ, કોઈ ડેરી કે પછી સહકારી મંડળીના સભ્ય નથી તેવા દૂધ વિક્રેતાઓ સહિતના વ્યવસાયકર્તાઓ હજુ સુધી લાયસન્સ કે રજિસ્ટ્રેશન કરાવ્યું નથી તેમણે ફરજિયાતપણે FSSAIમાં નોંધણી કરાવવાની રહેશે. પરમીટ લેવાની રહેશે. દૂધમાં થતી ભેળસેળ રોકવા રાજ્યોને પણ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. જેમાં દૂધને ઠંડુ રાખવા માટે વપરાતા ચિલર્સનું તાપમાન અને તેની સ્વચ્છતાની સમયાંતરે તપાસ કરવાનું કહેવાયું છે. એટલું જ નહીં, ગુજરાત સરકારના ફુડ સેફ્ટિ ઓર્ગેનાઈઝેશનને આદેશ આપવામા આવ્યો છે કે, આ બાબતે ખાસ ઝુંબેશ ચલાવીને તપાસ કરવામાં આવે. એટલું નહીં જેમની પાસે લાયસન્સ ન હોય તે ઉત્પાદક કે વિક્રેતા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને તે અંગેનો અહેવાલ દર મહિને 15મી તારીખે અને 30 કે 31મી-આખર તારીખે ફરજિયાતપણે FSSAIને મોકલવામાં આવે.

જે ઉત્પાદકો મંડળીમાં દૂધ ભરાવતા નથી અને વેચાણ કરે છે તેમને આવરી લેવાશે

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની દરેડ શાખાનો ઉદઘાટન સમારોહ યોજાયો

રાજકોટ : રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની 41મી શાખાનો દરેડ-જામનગર ખાતે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. શાખાનો કૃષ્ણ પ્રણામી મંદિરના કૃષ્ણમણી મહારાજના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. કૃષ્ણમણી મહારાજે જણાવ્યું હતું કે, આપના દેશમાં સહકારી ક્ષેત્રનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. દરેડમાં શાખાના શુભારંભ પ્રસંગે સાધુવાદ આપું છુ. જ્યારે એન.યુ.સી.એફ.ડી.સી.- અંબ્રેલાના ચેરમેન અને ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેંક્સ ફેડરેશનના ચેરમેન જ્યોતીન્દ્રભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, દરેડ શાખાથી એમ.એસ.એમ.ઈ.ના વિકાસમાં જરૂરી યોગદાન મળી રહેશે. બેંકના ચેરમેનશ્રી દિનેશ પાઠકે જણાવ્યું હતું કે, દરેડના ઉદ્યોગોને ધ્યાને લઈ બેંક દ્વારા આકર્ષક અને વિશેષ વ્યાજદર અમલમાં મૂક્યા છે. ઉદ્યોગો અને બેંક એક બીજાની પુરક છે અને સાથે મળીને જ વિકાસ કરે છે. ઉદઘાટન પ્રસંગે જામનગર ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખશ્રી રમણીક અક્બરી, જામનગર શહેર ભાજપ પ્રમુખશ્રી બીનાબેન કોઠારી, જી. આઈ. ડી. સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસો. દરેડના પ્રમુખશ્રી વિષ્ણુ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ક્લાઈમેટ ટેક... પાના નં. 4નું અનુસંધાન

પ્રક્રિયા હાથ ધરાશે. પસંદ થયેલી ટીમોને 6 થી 8 અઠવાડિયાની માર્ગદર્શન અને મેન્ટરશિપ આપવામાં આવશે. અંતિમ મૂલ્યાંકન બાદ જૂન 2026માં વિજેતાઓ જાહેર કરવામાં આવશે. આવેલ અરજીઓનું મૂલ્યાંકન વૈજ્ઞાનિક દૃઢતા, સમજણ ક્ષમતા, સ્કેલેબિલિટી, ઈન્ટરઓપરેબિલિટી અને વાસ્તવિક ઉપયોગિતા જેવા માપદંડો પર આંકવામાં આવશે. આ પહેલ નાબાર્ડના "Data in Climate Resilient Agriculture (DiCRA)" પ્લેટફોર્મ પર આધારિત છે, જેને વધુ વિકસાવીને સંપૂર્ણ ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો ઉદ્દેશ છે.. આ પહેલ નાબાર્ડના હાલના પ્લેટફોર્મ, ડેટા ઈન ક્લાઇમેટ રેઝિલિયન્ટ એગ્રિકલ્ચર (DiCRA) પર આધારિત છે, જે ડિજિટલ પબ્લિક ગુડમાંથી ક્લાઇમેટ ઇન્ટેલિજન્સ સિસ્ટમ્સને ટેકો આપતા સંપૂર્ણ ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં વિકસિત થવાની કલ્પના છે.

ટોચની ત્રણ ટીમોને અનુક્રમે રૂ. 15 લાખ, રૂ. 10 લાખ અને રૂ. 5 લાખના ઇનામ આપવામાં આવશે. આ ઉપરાંત, સફળ સોલ્યુશન્સને નાબાર્ડના કાર્યક્રમો દ્વારા અમલીકરણ અને વિસ્તરણ માટે તક આપવામાં આવશે.

આ પહેલ દ્વારા નાબાર્ડ અને તેના ભાગીદારો ભારતના નવીનતા ઈકોસિસ્ટમને એકત્રિત કરીને ગ્રામીણ અર્થતંત્ર સામે ઊભા થયેલા હવામાન પડકારોનો સામનો કરવા પ્રયાસ કરી રહ્યા છે. "નેશનલ ક્લાઈમેટ સ્ટેક ઈનોવેશન ચેલેન્જ" દ્વારા સંકલિત અને આગાહી આધારિત ક્લાઈમેટ ઈન્ટેલિજન્સ સિસ્ટમ વિકસાવવામાં આવશે, જે ગ્રામીણ જીવન અને રોજગારને સુરક્ષિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

કોસમોસ કો-ઓપરેટિવ... પાના નં. 4નું અનુસંધાન

નાગરિકોને લોકર સાથેની સુવિધા જનક બેંકિંગ સેવા મળી રહેશે.

તાજેતરમાં કોસમોસ બેંક દ્વારા ત્રણ જ દિવસમાં ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ નવી દસ શાખાઓનો શુભારંભ કરવામાં આવેલ છે. આ પૈકી ગાંધીનગર બ્રાંચનું ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે, ચાંગોદર બ્રાંચનું જસ્ટીસ શ્રી જયેશભાઈ ભૈરવીયાના હસ્તે, નિકોલ અમદાવાદ બ્રાંચનું નાબાર્ડના ચીફ જનરલ મેનેજર શ્રી બી. કે. સિંઘલ તથા કોસમોસ બેંકના ચેરમેન શ્રી પ્રહલાદ કોકરેના હસ્તે, ન્યૂ સાયન્સ સીટી, અમદાવાદ બ્રાંચનું ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલના હસ્તે, વેસુ સુરત બ્રાંચનું કોસમોસ બેંકના ડાયેરેકટર શ્રી પ્રવિણકુમાર ગાંધીના હસ્તે, નવસારીની બ્રાંચનું એડવોકેટ શ્રી મુકેશ શાહના હસ્તે, કતાર ગામ સુરત બ્રાંચનું વરાછા બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન શ્રી કાનજીભાઈ ભાલાળાના હસ્તે, હિંમતનગર બ્રાંચનું મહેસાણા અર્બન કો.ઓપ.બેંકના ડાયરેકટર શ્રી કાંતિભાઈ પટેલના હસ્તે, માવડી રાજકોટ બ્રાંચનું ઉત્કર્ષ ઈસ્પાતના ડાયરેકટર શ્રી નીરજ આર્યના હસ્તે ઉદ્દઘાટન કરી કુલ 10 નવીન શાખાઓનો શુભારંભ કોસમોસ બેંક દ્વારા કરવામાં આવેલ છે.

ગુજરાતમાં નવીન શાખાઓનો શુભારંભ કરાવવામાં બેંકના ડાયરેકટર શ્રી ઘનશ્યામભાઈ અમીનનો સિંહફાળો રહેલ છે. કોસમોસ બેંકના આ વિસ્તરણ પ્રયાસ ગ્રાહકોને વધુ સારી સેવા પ્રદાન કરવા તથા સહકારી બેન્કિંગ ક્ષેત્રને મજબૂત બનાવવા માટેનું મહત્વ પૂર્ણ પગલું છે.

# કોસમોસ કો-ઓપરેટિવ બેંક લિ. દ્વારા ગુજરાતમાં નવી 10 શાખાનું ઉદ્ઘાટન



અમદાવાદ : પુણે સ્થિત ભારતની 120 વર્ષ જૂની સેકન્ડ લાર્જેસ્ટ અને સાત રાજ્યમાં 193 શાખા સાથેનું નેટવર્ક ધરાવતી ધી કોસમોસ કો-ઓપરેટિવ બેંક લિ. એ પોતાની સેવા વિસ્તૃત કરતા સાઉથ બોપલ, અમદાવાદ ખાતે નવીન શાખાનું ઉદ્ઘાટન તારીખ 27-03-2026ના રોજ કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીના વાઈસ ચેરમેન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીનના વરદ હસ્તે કરવામાં આવ્યું. બ્રાંચના ઉદ્ઘાટન પ્રસંગે કોસમોસ બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન સી.એ. શ્રી મિલીંદ કાલે, ગુજરાત રીજિયોનના જનરલ મેનેજર શ્રી વિનોદ દદલાણી તેમજ અન્ય સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. કોસમોસ બેંકની સાઉથ બોપલ ખાતેની નવીન શાખાથી અમદાવાદના દક્ષિણ વિભાગમાં બેંકિંગ સેવાઓને વધુ મજબુત બનાવવાની દિશામાં મહત્વ પૂર્ણ પ્રયાસ કોસમોસ બેંકે કરેલ છે. તેમજ સાઉથ બોપલના આસપાસના વિસ્તારોમાં આધુનિક બેંકિંગ સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ થશે અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન મળશે. વધુમાં સ્થાનિક

અનુસંધાન પાના નંબર : 3

**ગ્રામીણ હવામાન ડેટા માટે નાબાર્ડ અને ગેટ્સ ફાઉન્ડેશન વચ્ચે ભાગીદારી**

# ક્લાઈમેટ સ્ટેક સોલ્યુશન્સને આગળ વધારવા માટે રૂપિયા 15 લાખના ઈનામોની જાહેરાત

નવી દિલ્હી : નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) એ ગેટ્સ ફાઉન્ડેશન અને ડાલબર્ગ એડવાઈઝર્સ સાથે મળીને "નેશનલ ક્લાઈમેટ સ્ટેક ઈનોવેશન ચેલેન્જ" નામની રાષ્ટ્રીય પહેલ શરૂ કરી છે. આ પહેલનો મુખ્ય હેતુ ગ્રામીણ ભારતમાં એક મજબૂત, ઈન્ટર ઓપરેશનલ ક્લાઈમેટ ઈન્ટેલિજન્સ ફ્રેમવર્ક બનાવીને સમગ્ર ભારતમાં આબોહવા સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવાનો છે.

આ ચેલેન્જ માટે ઈનોવેટર્સ, સંશોધકો, સ્ટાર્ટઅપ્સ અને સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. જેનો ઉદ્દેશ આધુનિક હવામાન જોખમ આગાહી કરતાં મોડેલ્સ અને ઉપયોગકર્તાને સરળતાથી સમજ પડે તેવાં ડેશબોર્ડ વિકસાવવાનો છે. જે કૃષિ, ગ્રામીણ નાણાકીય વ્યવસ્થા અને જાહેર પ્રણાલીઓમાં નિર્ણય લેવામાં મદદરૂપ બનશે. ભારત ગરમીની લુ, પૂરથી લઈને દુષ્કાળ અને ચક્રવાત સુધી વધતી જતી આબોહવા અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે, આ પહેલ ડેટા ઉપલબ્ધતા અને તે ડેટાથી મળનારી ઉપયોગી જાણકારી વચ્ચેનાં અંતરને દૂર કરવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરશે.

ક્લાઈમેટ ડેટા સંગ્રહમાં નોંધપાત્ર પ્રગતિ હોવા છતાં, મોટાભાગની માહિતી જુદા જુદા પ્લેટફોર્મ પર વિખરાયેલી



છે, જે રીઅલ-ટાઈમ પ્લાનિંગ અને જોખમ ઘટાડવા માટે તેની ઉપયોગિતાને મર્યાદિત કરે છે. તે બાબતનો ઉલ્લેખ કરતાં નાબાર્ડના ચેરમેન શાજી કેવીએ જણાવ્યું કે, સમસ્યા ડેટાની અછત નથી, પરંતુ તેની એકીકરણ અને તેની પહોંચની ખામી છે. આ પહેલનો ઉદ્દેશ વિવિધ સ્ત્રોતોમાંથી મળતા ડેટાને એકીકૃત કરીને સહેલાઈથી ઉપયોગમાં લઈ શકાય તેવું પ્લેટફોર્મ તૈયાર કરવાનો છે, જેથી પૂર્વ તૈયારી સાથે નિર્ણય લેવામાં મદદ મળે.

આ પહેલ હેઠળ "નેશનલ ક્લાઈમેટ સ્ટેક" નામની ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવશે, જેમાં આગાહી, વિશ્લેષણ અને એપ્લિકેશન સ્તરોનો સમાવેશ થશે. ભાગ લેનારોએ 10–15 વર્ષના સમયગાળા માટે વિશ્વસનીય હવામાન જોખમ આગાહી માળખાં તેમજ પાક યોજના, આપત્તિ વ્યવસ્થાપન અને ક્રેડિટ જોખમ મૂલ્યાંકન જેવા ઉપયોગી ડેશબોર્ડ તૈયાર કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

ચેલેન્જ પહેલની પ્રક્રિયા માર્ચ 2026માં અરજીઓ મંગાવીને શરૂ કરવામાં આવી છે. એપ્રિલમાં પસંદગી

અનુસંધાન પાના નંબર : 3

**સહકાર મંત્રાલય દ્વારા સહકારી બેંકો માટે AI શીલ્ડ અંગે ઉચ્ચ સ્તરીય વિચાર-વિમર્શ બેઠક**

# કેન્દ્ર, RBI, NABARD અને NUCFDC દ્વારા સુરક્ષિત સહકારી પ્રણાલી માટે સંકલિત પ્રયાસો

નવી દિલ્હી:- સહકારી બેંકિંગ ક્ષેત્રમાં ડિજિટલ ગવર્નન્સ અને નાણાકીય સુરક્ષાને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પહેલરૂપે, સહકારિતા સચિવ શ્રી આશિષ કુમાર ભૂટાનીની અધ્યક્ષતામાં મંગળવારે તા. 17 માર્ચ, 2026ના રોજ અટલ અક્ષય ઊર્જા ભવન ખાતે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં સહકારી બેંકોને NCRP-CFCFRMS પ્લેટફોર્મ સાથે API ઈન્ટિગ્રેશન ઝડપી બનાવવાનો તથા AI આધારિત ફ્રોડ શોધ સિસ્ટમ MuleHunter.AI સાથે જોડવાનો મુદ્દો મુખ્ય એજન્ડા તરીકે ચર્ચાયો હતો. આ પહેલનો હેતુ ડિજિટલ માળખાને મજબૂત બનાવવું, છેતરપિંડીના જોખમને સમયસર ઓળખ સુનિશ્ચિત કરવું તથા તમામ સહકારી સંસ્થાઓ વચ્ચે ડેટાનો સરળ અને સુરક્ષિત વહેવાર સુનિશ્ચિત કરવો છે.

અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું કે, વધતા સાઈબર જોખમો અને નાણાકીય છેતરપિંડીના પડકારોને ધ્યાનમાં રાખીને, સહકારી બેંકિંગ ક્ષેત્રમાં કાર્યક્ષમતા, પારદર્શિતા અને વિશ્વસનીયતા વધારવા માટે આધુનિક ડિજિટલ સિસ્ટમો અનિવાર્ય બની છે.

આ બેઠકમાં સહકારિતા મંત્રાલય, ભારતીય રિઝર્વ બેંક (RBI), નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ (NABARD), સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) તેમજ ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. ઉપરાંત સહયોગી અભિગમને મજબૂત બનાવવા Sahakar Sarathi Pvt Ltd અને National Urban Cooperative Finance and Development Corporation જેવા મહત્વપૂર્ણ સ્ટેકહોલ્ડર્સ પણ ચર્ચામાં જોડાયા હતા.

ચર્ચાઓ દરમિયાન રિયલ-ટાઈમ ડેટા શેરિંગ, ઝડપી ફ્રોડ ડિટેક્શન અને આધુનિક ફિનટેક ઈકોસિસ્ટમ સાથે જોડવાથી ટેક્નોલોજીકલ ગેપ ઘટાડવામાં મદદ મળશે અને તેઓ મુખ્ય ધારાની બેંકિંગ પદ્ધતિ સાથે વધુ સુસંગત બનશે. આ પહેલ "સહકાર સે સમૃદ્ધિ"ના વ્યાપક વિઝનને આગળ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. તેમ જ સહકારી સંસ્થાઓને સુરક્ષિત તથા આધુનિક ડિજિટલ સાધનો સાથે સશક્ત બનાવશે.

આ પહેલ દ્વારા સહકારી બેંકોને ઉદ્‌ભવતા નાણાકીય જોખમોનો સામનો




કરવા વધુ સજ્જ બનાવવામાં આવશે, તેમજ તેઓ તેમના સભ્યોને વધુ કાર્યક્ષમ અને પારદર્શક સેવાઓ પૂરી પાડી શકશે. સંકલિત નિયમનકારી દેખરેખના મહત્વ પર વિશેષ ભાર મૂકાયો હતો. MuleHunter.AI પ્લેટફોર્મ દ્વારા શંકાસ્પદ લેવડદેવડની ઓળખ અને 'મ્યુલ એકાઉન્ટ' જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવામાં મદદ મળશે, જેનાથી થાપણદારોના હિતોની સુરક્ષા સુનિશ્ચિત થશે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે, સહકારી બેંકોને બેઠકના અંતે સમયબદ્ધ અમલીકરણ અને તમામ સ્ટેકહોલ્ડર્સ વચ્ચે ગાઢ સંકલન માટે આહ્‌વાન કરવામાં આવ્યું હતું, જેથી સહકારી બેંકિંગ ક્ષેત્રમાં સુરક્ષા, વિશ્વસનીયતા અને ડિજિટલ પ્રગતિને વધુ મજબૂત બનાવવામાં આવી શકે.

# ભારતીય બીજ સહકારી લિમિટેડ (BBSSL) ત્રણ વર્ષમાં દેશની સૌથી મોટી મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થા તરીકે ઉભરી આવી છે

**37,000થી વધુ સહકારી સંસ્થાઓને જોડીને નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે**

નવી દિલ્હી : ભારતના સહકારી ક્ષેત્ર માટે એક નોંધપાત્ર ઉપલબ્ધિના રૂપમાં ભારતીય બીજ સહકારી લિમિટેડ તેની નોંધણીના માત્ર ત્રણ વર્ષમાં દેશની સૌથી મોટી મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી તરીકે ઉભરી આવીને નવો ઈતિહાસ રચ્યો છે. જે સહકારી ઈકોસિસ્ટમમાં થઈ રહેલા ઝડપી પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.

સંસ્થાના જણાવ્યા મુજબ BBSSLમાં 34 રાજ્યોમાંથી 37,000થી વધુ સહકારી સંસ્થાઓએ સભ્યો તરીકે નોંધણી કરાવી છે, જે દેશમાં સૌથી વધુ છે. 34 રાજ્યોમાં પોતાનો વ્યાપક વિસ્તાર કરીને મોટું રાષ્ટ્રીય નેટવર્ક સ્થાપિત કર્યું છે. આ અભૂતપૂર્વ વ્યાપ સહકારી મોડેલ દ્વારા બીજ ઉત્પાદન, વિતરણ અને કૃષિ આધારિત સેવાઓને સહકારી મોડેલ દ્વારા મજબૂત બનાવે છે. ખાસ નોંધનીય બાબત એ છે કે BBSSLના સભ્યોમાં પ્રાથમિક કૃષિ ઋણ સહકારી સંસ્થાઓ (PACS)ની મોટી સંખ્યા સામેલ છે, જે ગ્રામ્ય સ્તરે તેની મજબૂત જોડાણને વધુ મજબૂત બનાવે છે.

BBSSLની સ્થાપના સહકારિતા મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ભારતના સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેના વિશાળ અભિયાનના ભાગરૂપે કરવામાં આવી હતી. આ પહેલ સરકારના "સહકારથી સમૃદ્ધિ" વિઝનને અનુરૂપ છે, જેનો હેતુ સહકારી સંસ્થાઓને સશક્ત બનાવી અને બીજ, ખાતર અને કૃષિ સેવાઓ જેવી વેલ્યુ ચેઈનમાં તેમની ભૂમિકા વધારીને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે.

BBSSL દ્વારા શરૂ કરાયેલ મહત્વપૂર્ણ નવીનતાઓમાં એક એ છે કે તેણે PACSને મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થાઓ સાથે સીધી રીતે વેપાર કરવાની સક્ષમતા આપી છે. પરંપરાગત રીતે, PACS મુખ્યત્વે અંતિમ તબક્કે (last-mile) લોન આપતી સંસ્થાઓ તરીકે કાર્ય કરતી આવી છે. પરંતુ આ નવા માળખા દ્વારા હવે તેઓ ખરીદી, પ્રોસેસિંગ અને માર્કેટિંગ પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઈ શકે છે, જેના કારણે તેમની આવકના સ્ત્રોતોમાં વધારો થયો છે અને ગામડાના સ્તરે તેમની આર્થિક સ્થિરતા મજબૂત બને છે. નિષ્ણાતો આને એક "ગેમ-ચેન્જિંગ" પરિવર્તનને પણ દર્શાવે છે, જ્યાં વ્યાપ, ટેકનોલોજીનો સ્વીકાર અને સંસ્થાકીય એકીકરણ વિકાસના મુખ્ય બાબત છે. ડિજિટલ પ્લેટફોર્મ, સુધારેલી ગવર્નન્સ વ્યવસ્થા અને નીતિ આધારના કારણે સહકારી સંસ્થાઓ હવે પરંપરાગત ભૂમિકાઓથી આગળ વધી આધુનિક કૃષિ બજારમાં વધુ અસરકારક રીતે સ્પર્ધા કરી રહી છે.

અધિકારીઓના મતે, BBSSLની



પગલું માને છે, જે તળિયાના સ્તરની સંસ્થાઓને મોટા સહકારી નેટવર્ક સાથે જોડે છે.

સંસ્થાનો બીજ ક્ષેત્ર પરનો ફોકસ ભારતની કૃષિ પ્રાથમિકતાઓના સંદર્ભમાં પણ મહત્વપૂર્ણ છે. સહકારી સંસ્થાઓ દ્વારા ગુણવત્તાયુક્ત બીજના ઉત્પાદન અને વિતરણને પ્રોત્સાહન આપીને, BBSSLનો હેતુ પાક ઉત્પાદકતા વધારવો, બીજની સુરક્ષા સુનિશ્ચિત કરવી અને ખાનગી મધ્યસ્થો પરની નિર્ભરતા ઘટાડવી છે. આ અભિગમથી નાના અને સીમિત ખેડૂતોને યોગ્ય કિંમતે ગુણવત્તાયુક્ત ઈનપુટ સમયસર મળવાની અપેક્ષા છે.

BBSSLનો ઝડપી વિકાસ ભારતના સહકારી પરિદૃશ્યમાં મોટા માળખાકીય સફળતા અન્ય ક્ષેત્રો માટે પણ એક આદર્શ મોડેલ બની શકે છે. જેમાં નાની સંસ્થાઓને એકત્રિત કરી મોટા ફેડરલ માળખામાં જોડવાથી કાર્યક્ષમતા વધે છે અને ટકાઉ આર્થિક વિકાસ શક્ય બને છે.

ગ્રામીણ સંસ્થાઓ અને રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ વચ્ચેનું અંતર ઘટાડીને BBSSL સમાવેશી વિકાસ અને ગ્રામીણ સશક્તીકરણ માટે પ્રેરક શક્તિ તરીકે આગળ વધી રહી છે. ભારતના કૃષિ અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાના પ્રયાસોમાં BBSSLનો ઝડપી વિકાસ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. સહકારી સંસ્થાઓ મોટા પાયે પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે અને ખેડૂતો તથા સ્થાનિક સંસ્થાઓને વિકાસના કેન્દ્રમાં રાખે છે.

# રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના RCS સાથે સહકારી સુધારાઓની સમીક્ષા બેઠક યોજાઈ

ન્યૂ દિલ્હી : સહકારી ક્ષેત્રમાં સુધારાઓને વધુ વેગ આપવા માટે સહકાર મંત્રાલયના સચિવશ્રી ડો. આશિષકુમાર ભૂટાનીએ નવી દિલ્હીના અટલ અક્ષય ઉર્જાભવન ખાતે સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર (RCS) તેમજ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ મુખ્ય સહકારી પહેલોની પ્રગતિ અને અમલીકરણની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. સાથે સાથે સહકારી ઈકોસિસ્ટમને મજબૂત અને પુનર્જીવિત કરવા માટેના સુધારાત્મક પગલાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અસરકારક રીતે અમલમાં આવે તે માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન વધારવા પર ભાર મૂક્યો હતો.




ડૉ. ભૂટાનીએ નીતિઓ અને કાર્યક્રમોના સમયસર અમલીકરણના મહત્વ પર ભાર મૂકતાં અધિકારીઓને વધુ સંકલિત અને પરિણામલક્ષી અભિગમ અપનાવવાની અપીલ કરી. તેમણે જણાવ્યું કે, સહકારી સુધારાઓનો લાભ છેવાડાના સ્તર સુધી પહોંચવો જોઈએ, જેથી પ્રાથમિક સહકારી સંસ્થાઓ સશક્ત બને અને સમાવેશી વિકાસ સુનિશ્ચિત થાય. તેમણે "સહકાર સે સમૃદ્ધિ"ના વિઝનને આગળ વધારવા માટે સહકારી સંસ્થાઓને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને સભ્યકેન્દ્રિત બનાવવા તમામ હિસ્સેદારો વચ્ચે સંકલન વધારવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

બેઠક દરમિયાન દેશભરમાં અમલમાં મુકાઈ રહેલી વિવિધ માળખાકીય, ડિજિટલ અને શાસન સંબંધિત પહેલોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ચર્ચામાં નિયમનકારી પ્રક્રિયાઓને સરળ બનાવવા, દેખરેખની પદ્ધતિઓને મજબૂત કરવા તેમજ મંત્રાલય અને રાજ્ય સ્તરની સંસ્થાઓ વચ્ચે વધુ સારો સંચાર સુનિશ્ચિત કરવા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સાથે જ સહકારી સંસ્થાઓને ભોગવતા કામગીરી સંબંધિત પડકારો તથા સભ્યોને આપવામાં આવતી સેવાઓની ગુણવત્તા સુધારવા અંગે પણ ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં સહકાર મંત્રાલયના અધિક સચિવ શ્રી પંકજકુમાર બંસલ સંયુક્ત સચિવો શ્રી આનંદકુમાર ઝા, શ્રી રમણકુમાર અને શ્રી સિધ્ધાર્થ જૈન તેમજ ડિરેક્ટર્સ શ્રી પંકજ શ્રીવાસ્તવ, શ્રી કપિલ મીના અને શ્રી કુમાર રામકૃષ્ણા સહિત મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

રાજ્યોના વરિષ્ઠ અધિકારીઓ અને સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓ બેઠકમાં વર્ચ્યુઅલી જોડાયા હતા, જે દેશભરમાં સહકારી ક્ષેત્ર પ્રત્યે વ્યાપક સહભાગિતાનું પ્રતિબિંબ છે.

બેઠક દરમિયાન થયેલી ચર્ચાઓએ સહકારી ક્ષેત્રમાં સુધારા આધારિત શાસન પ્રત્યે કેન્દ્ર સરકારની સતત પ્રતિબદ્ધતાને ઉજાગર કરી. નીતિનિર્માતાઓ અને નિયમનકારોને એક જ મંચ પર લાવીને મંત્રાલયનો હેતુ રાજ્યોમાં અમલીકરણમાં એકરૂપતા લાવવાનો તથા સુધારાઓના ઝડપી અમલને પ્રોત્સાહન આપવાનો છે. બેઠક અંતે સહકારી સંસ્થાઓને ભારતના સામાજિક-આર્થિક વિકાસના મહત્વપૂર્ણ સ્તંભ તરીકે વધુ મજબૂત બનાવવા, દેખરેખ વધારવા, જવાબદારી સુનિશ્ચિત કરવા અને જમીન પરના અમલીકરણને ઝડપી બનાવવા માટે સૌએ સામૂહિક સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# પાંચ મહિનાનાં દેશમાંથી 3.15 લાખ ટન ખાંડની નિકાસ થઈ

નવી દિલ્હી : દેશમાંથી ઓક્ટોબરથી ફેબ્રૂઆરી દરમિયાન 3.15 લાખ ટન ખાંડની નિકાસ થઈ છે. યુએઈમાં સૌથી વધુ ખાંડની નિકાસ થઈ છે. ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (AISTA) એ તારીખ 23-03-2026ને સોમવારે આ ડેટા જાહેર કર્યા હતા. ખાંડની નિકાસ કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ છે અને ચોક્કસ ફાળવેલા ક્વોટા મુજબ જ નિકાસ કરી શકાય છે. કેન્દ્રએ ઓક્ટોબર-2025થી સપ્ટેમ્બર 2026ના સુગર માર્કેટિંગ વર્ષ માટે 20 લાખ ટન ખાંડની નિકાસનો ક્વોટા મંજૂર કર્યો છે.

એસોસિએશને કહ્યું છે કે કુલ 3.15 લાખ ટન નિકાસ પૈકી 2,57,971 ટન વ્હાઈટ સુગરનો સમાવેશ છે અને 53,664 રિફાઈન્ડ સુગરનો સમાવેશ દેશમાંથી સૌથી વધુ 79,683 ટન ખાંડ યુએઈ ખાતે નિકાસ થઈ છે. બીજા ક્રમે અફઘાનિસ્તાન ખાતે 71,813 ટન, જિબુટી ખાતે 45,801 ટન અને તાન્ઝાનિયા ખાતે 21,330 ટનની નિકાસ થઈ છે. એસોસિએશનના ચેરમેનશ્રી પ્રફુલ વિઠલાણીએ કહ્યું કે ભારત 8 લાખ ટનથી વધુ ખાંડની નિકાસ કરી શકે તેમ છે. ચાલુ સિઝનમાં ખાંડનાં ઉત્પાદનનો અંદાજ 4.4 ટકા ઘટાડીને 2.83 કરોડ ટન કરાયો છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-04-2026